માઈ રમાબાઈ આંબેડકર સાત ફેરા સમુહ લગ્ન યોજના.

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: એસ.સી.ડબ્લ્યુ/૧૦/૨૦૧૫/૫૭૬૫૮૩/ગ
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૨/૧૨/૨૦૨૧

**વંચાણે લીધા:**

(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૪/૧૦/૨૦૧૬નો ઠરાવ ક્રમાંક: એસ.સી.ડબ્લ્યુ/૧૦/૨૦૧૫/૫૭૬૫૮૩/ગ

(૨) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૦/૦૭/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક: અજાક/૧૦૨૦૧૯/૬૨૯૫૨૩/ન.બા-૨૧/ગ

(3) સામાન્ય વહિવટ વિભાગનો તા.૦૭-૧૦-૨૦૨૧ના ઠરાવ ક્રમાંક: આરસીપીએસ/૧૦૨૦૨૧/૩૬૯/વસુતાપ્ર-૪

(૪) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૮/૧૧/૨૦૨૧નો પત્ર ક્રમાંક: પરચ/૧૧૨૦૨૧/૫૧૬૯૩૧/ચ

**આમુખ:**

વંચાણે લીધેલ ક્રમાંક: (3) ઉપરના સામાન્ય વહિવટ વિભાગના તા.૦૭-૧૦-૨૦૨૧ના ઠરાવથી ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો અધિકાર) અધિનિયમ-૨૦૧૩ હેઠળ જાહેર કરેલ સેવાઓ માટે બિઝનેશ પ્રોસેસ રી-એન્જીનીયરીંગની કાર્યવાહી માટે ટાસ્ક સમિતીની રચના કરવાનું ઠરાવવામાં આવેલ છે. જે પરત્વે વંચાણે લીધેલ ક્રમાંક: (૪) પરના આ વિભાગની ચ-શાખાના પત્રથી આ વિભાગ હસ્તકની કેટલીક સેવાઓ અંતર્ગત મેળવવામાં આવતા વધારાના પુરાવાઓ ઓછા કરવા તથા અન્ય બાબતે આનુષંગિક ઠરાવોમાં સુધારા કરવા કાર્યવાહી કરવા જણાવેલ છે. જે અંગે ચ-શાખાના પત્ર સાથે સામેલ આ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રીની અધ્યક્ષતામાં મળેલ ટાસ્ક સમિતિની નોંધથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકની માઈ રમાબાઈ આંબેડકર સાતફેરા સમુહ લગ્ન યોજનાના ઠરાવમાં સુધારા કરવા સૂચન કરવામાં આવેલ છે. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

વંચાણે લીધેલ ક્રમાંક: (૧) અને (૨) પરના આ વિભાગના ઠરાવોથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકની યુગલદીઠ રૂ.૧૨,૦૦૦/-ની સહાય આપવાની માઈ રમાબાઈ આંબેડકર સાતફેરા સમુહ લગ્ન યોજના અમલમાં છે.

પુખ્ત વિચારણાને અંતે, વંચાણે લીધેલ ક્રમાંક : (૧) પરના ઠરાવ સાથે સામેલ અરજીફોર્મમાં "સમાજ કલ્યાણ નિરીક્ષકને સ્થળ તપાસ કરવાની" જોગવાઈ આથી રદ્દ કરવામાં આવે છે. તથા આ યોજનામાં "ડોક્યુમેન્ટસને આધારે અરજી મંજૂર કરવાની રહેશે." એમ ઠરાવવામાં આવે છે.

સદરહુ યોજનાની અન્ય શરતો યથાવત રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર સરકારશ્રીની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડૉ. રાજેશ આર. બલદાણિયા)
ઉપ સચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ રવાના:-

- અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(સા.ન્યા)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી(અ.જા)((સા.ન્યા)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અંગત સચિવશ્રી, અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)નું કાર્યાલય, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર.
- નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, બ્લોકનં ૪, ડૉ જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- તમામ નાયબ નિયામકશ્રીની કચેરી, તમામ જિલ્લા (મારફત નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી,)
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર (વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ)
- સિલેક્ટ ફાઇલ.